**CC. NO.-1825/2026**

=====================================================================

GJTP060020402026

| | | | |
|---|---|---|---|
| કેસ દાખલ તારીખ | ૧૮-૦૫-૨૦૨૬ | | |
| કેસ નોંધણી તારીખ | ૧૮-૦૫-૨૦૨૬ | | |
| કેસ ફેંસલ તારીખ | ૨૦-૦૬-૨૦૨૬ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

=====================================================================

**સોનગઢનાં મહેરબાન પ્રીન્સીપાલ સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં, મું.સોનગઢ**

=====================================================================

**ફોજદારી કેસ નંબર : ૧૮૨૫/૨૦૨૬**

**આંક :-**

**ફરિયાદી :-**

શ્રી સરકાર

***વિરુધ્ધ***

**આરોપી :-**

હાર્દિકભાઈ પરેશભાઈ ગામીત,

રહે.બેડવાણ ખડાકા નિશાળ ફળીયુ, તા.સોનગઢ, જી.તાપી.

**બાબત :- બી.એન.એસ. ૨૦૦૩ ની કલમ-૨૮૧ તથા એમ.વી.એકટની કલમ-૩, ૧૮૧, ૧૭૭, ૧૮૪ મુજબ**

**ફરિયાદ પક્ષે વિદવાન એ.પી.પી.શ્રી બી.એમ.પટેલ**

**આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રી એ.એ.ગામીત**

**// જજમેન્ટ //**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૪-૩-૨૬ ના રોજ કલાક-૧૭:૫૫ વાગ્યાના મોજે સોનગઢ બસ સ્ટેશનની સામે જાહેર રોડ ઉપર પોતાના કબજાની હોન્ડા કંપનીની મેસ્ટ્રો મોપેડ નં. જી.જે.૨૬.એ.જી.૯૩૫૩ ની રાહદારીઓના જીવને જોખમ થાય તે રીતે ડ્રાઈવીંગ લાઈસન્સ વગર પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી પકડાઈ જઈ ગુનો કરેલ હોય, બી.એન.એસ. ૨૦૦૩ ની કલમ-૨૮૧ તથા એમ.વી.એકટની કલમ-૩, ૧૮૧, ૧૭૭, ૧૮૪ મુજબનો આરોપીએ ગુનો કરતા આ કામના ફરીયાદીએ પો.સ્ટે. ખાતે ફરીયાદ નોંધાવતા તે આધારે તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ છે.

=====================================================================

==================================================================

(૨) સદર કામના આરોપીને સમન્સ કરતાં સમન્સની બજવણી થતાં તેઓ નામદાર કોર્ટમાં તેમના વકીલશ્રી મારફતે હાજર થયેલા છે અને તેઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડયા બાદ, સદર ગુના અન્વયે આરોપીની આંક–૩ થી પ્લી નોંધવામાં આવેલી છે અને જવાબમાં ગુનો કબુલ નથી અને કેસ આગળ ચલાવવો છે તેવુ જણાવતાં કેસ આગળ ચલાવવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

(૩) ફરિયાદ પક્ષે તેમના કેસના સમર્થમાં નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે. આ સિવાય ફરિયાદ પક્ષે અન્ય કોઈ પુરાવો રજુ કરેલો નથી.

**ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલો મૌખિક પુરાવો**

| **અનું. નંબર** | **પુરાવા ની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદી ગુલાબસીંહ તુલસીરામની જુબાની | ૯ |
| ૨ | પંચ સાહેદ વિજયભાઈ બાકીલાલની જુબાની | ૫ |
| ૩ | પંચ સાહેદ ઈશ્વરભાઈ રાજારામની જુબાની | ૭ |
| ૪ | ત.ક.અ. વિપુલભાઈ મંગાભાઈની જુબાની | ૧૧ |

**ફરીયાદ પક્ષે તરફથી રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ**

| **અનું. નંબર** | **પુરાવાની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૦ |
| ૨ | પંચનામુ | ૬ |

(૪) આ સિવાય ફરિયાદ પક્ષે અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને ફરિયાદ પક્ષે એપીપીશ્રી એ પુરાવો પુરો થયા નું મૌખીક રીતે જાહેર કરતા તેના આધારે ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે અને ફરિયાદ પક્ષના પુરાવા આધારે આરોપીનું બી.એન.એસ.એસ. કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોધવા પાત્ર પુરાવો જણાતો ન હોઈ આરોપી નું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.

==================================================================

==========================================================

**(૫)** ત્યારબાદ આ કામમાં ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી ની ને સાંભવામાં આવેલ છે અને આ કામના અરોપી ના વકીલશ્રી ને સાંભળવામાં આવેલ છે.

**(૬)** ઉપરોકત હકીકતે સદરહું કેસના ન્યાયીક નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત છે.

**// મુદ્દાઓ //**

**૧.** શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૪-૩-૨૬ ના રોજ કલાક-૧૭:૫૫ વાગ્યાના મોજે સોનગઢ બસ સ્ટેશનની સામે જાહેર રોડ ઉપર પોતાના કબજાની હોન્ડા કંપનીની મેસ્ટ્રો મોપેડ નં. જી.જે.૨૬.એ.જી.૯૩૫૩ ની રાહદારીઓના જીવને જોખમ થાય તે રીતે ડ્રાઈવીંગ લાઈસન્સ વગર પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી પકડાઈ જઈ ગુનો કરેલ હોય, બી.એન.એસ. ૨૦૦૩ ની કલમ-૨૮૧ તથા એમ.વી.એકટની કલમ-૩, ૧૮૧, ૧૭૭, ૧૮૪ મુજબનો આરોપીએ શિક્ષાને પાત્ર ગુનો કરેલો છે ?

**૨.** શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદ્દાના મારા જવાબ નીચે મુજબ છે.

**૧.** **નકારમાં..**

**૨.** **આખરી હુકમ મુજબ.**

**// કારણો //**

**(૮)મુદ્દા નંબર ૧ ની ચર્ચા :-**

**(૮.૧)** આ કામે ફરિયાદ પક્ષે આંક-૯ થી ફરીયાદી ગુલાબસીંહ તુલસીરામનાઓને તપાસવામાં આવેલ છે.તેઓનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, તા. ૨૪/૦૩/૨૦૨૬ ના રોજ અમો તથા અ.હે.કો. વિપુલભાઈ મંગાભાઈ તથા બે પંચોના માણસો સાથે સોનગઢ જુના બસ સ્ટેન્ડની પાસે જાહેર રોડ પર વહાન ચેકિંગમાં હતા તે વખતે ઓટા ચાર રસ્તા તરફથી એક મોપેડ ચાલક આવતો હોય, જે પોતાની મોપેડ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવતો હોય તેને રોકી પંચો રૂબરૂ તેનું નામઠામ પુછતા તેણે પોતાનું નામ હાર્દિકભાઈ પરેશભાઈ ગામીત રહે. બેડવાણના હોવાનું જણાવતો હોય,તેની મોપેડ નં.જીજે ૨૬ એજી ૯૩૫૩ ની હોય, તેની પાસે ડ્રાઈવીંગ લાઈસન્સ ની માંગણી કરતા તેની પાસે નહી હોવાનું જણાવતા અમોએ આરોપી વિરૂધ્ધ ફરીયાદ જે અસલ ફરીયાદ મને બતાવાવમાં આવતા જેમા મરી સહી છે જે સહી હું ઓળખી બતાવુ છું. જેને રજુ દા આંક-10 આપવામાં આવે છે. આરોપીને હુ જોયે ઓળખી શકુ જે આજરોજ કોર્ટમાં હાજર નથી અને જેઓના વિ.વ.શ્રી દ્રારા હાજરી મુકિતનો રીપોર્ટ રજુ રાખતા ઓળખની તકરાર જતી કરેલ છે.

==========================================================

=====================================================================

સદર ફરીયાદીની ઉલટતપાસ વંચાણે લેવામાં આવે તો, એ વાત ખરી છે કે બનાવવાળો વિસ્તાર જાહેર રસ્તો છે અને ત્યાં ઘણા માણસો તથા વાહનોની અવર જવર રહેતી હોય છે. એ વાત ખરી છે કે મારી ફરીયાદમા પંચોના નામો જણાવેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીને ડોક્યુમેન્ટ રજુ કરવા દિન–૧૫ નો સમય આપવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, બનાવવાળા સ્થળ પર બેરીકેટ મુકેલા છે. એ વાત ખરી છે કે આરોપીનુ વાહન કેટલી સ્પીડમાં હતુ તેવુ મારી ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી નથી કે આરોપી આવો કોઈ ગુનો કર્યો ન હોવા છતા સારી કામગીરી બતાવવા માટે ખોટી ફરીયાદ આપુ છુ.

(૮.૨) આ કામે ફરિયાદ પક્ષે આંક–૫ થી પંચ સાહેદ વિજયભાઈ બાકીલાલ તથા આંક–૭ થી પંચ સાહેદ ઈશ્વરભાઈ રાજારામનાઓને તપાસેલા છે. તેઓ તેમના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, ''તેઓએ આંક–૬ વાળા પંચનામાની હકીકતને સમર્થન કરેલ ન હોઈ તેઓને હોસ્ટાઈલ જાહેર કરી ભારતીય સાક્ષ્ય અધિનિયમ ૨૦૨૩ ની કલમ–૧૫૭ અનુસાર ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા પરવાનગી માંગતા વિ.એ.પી.પી.શ્રીને પંચ સાહેદોની ઉલટતપાસ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે. પરંતુ, તેમાંથી પણ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવો કે પંચનામાને સમર્થન મળે તેવો લેશમાત્ર પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. ત્યારબાદ બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પંચનામા અંગે તેઓને સહી કર્યા સીવાય કોઈ જાત માહીતી નથી. ''

(૮.૩) આ કામે ફરિયાદ પક્ષે આંક–૧૧ થી ત.ક.અ. વિપુલભાઈ મંગાભાઈનાઓને તપાસવામાં આવેલ છે.તેઓનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, તા. ૨૪/૦૩/૨૦૨૬ ના રોજ અમો તથા અ.પો.કો.ગુલાબસિંહ તુલસીરામ વસાવા તથા બે પંચોના માણસો સાથે સોનગઢ જુના બસ સ્ટેન્ડની પાસે જાહેર રોડ પર વહાન ચેકિંગમાં હતા તે વખતે ઓટા ચાર રસ્તા તરફથી એક મોપેડ ચાલક આવતો હોય, જે પોતાની મોપેડ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવતો હોય તેને રોકી પંચો રૂબરૂ તેનું નામઠામ પુછતા તેણે પોતાનું નામ હાર્દિકભાઈ પરેશભાઈ ગામીત રહે. બેડવાણના હોવાનું જણાવતો હોય,તેની મોપેડ નં.જીજે ૨૬ એજી ૯૩૫૩ ની હોય, તેની પાસે ડ્રાઈવીંગ લાઈસન્સ ની માંગણી કરતા તેની પાસે નહી હોવાનું જણાવતા સાથેના પો.કો. ગુલાબસિંહ તુલસીરામનાઓએ આરોપી વિરૂધ્ધ ફરીયાદ આપેલ. સદર ગુનો રજીસ્ટર થતા આગળની તપાસ અમોને મળતા આરોપી સામે પુરતા પુરાવા પડતા હોય ,નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

સદર ત.ક.અ. ની ઉલટતપાસ વંચાણે લેવામાં આવે તો, એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે, ત્યાં ઘણા બધા વાહનો અને લોકોની અવર જવર રહેતી હોય છે. એ વાત ખરી છે કે, વાહન ચેકિંગમાં કેટલા વાગ્યાથી કેટલા વાગ્યા સુધી હતા તેનો સમય ફરીયાદમાં જણાવેલ નથી.

=====================================================================

એ વાત ખરી છે કે, પંચો રૂબરૂ પંચનામુ કરેલ નથી. એ વાત ખરી છે કે, સદર કામે સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. એ વાત ખરી નથી કે, આરોપીએ આવો કોઈ ગુનો કરેલ ન હોવા છતાં ખોટી ફરીયાદના આધારે ખોટી તપાસ કરી નામ.કોર્ટમાં ખોટુ ચાર્જશીટ કરી આજ રોજ ખોટી જુબાની આપુ છુ.

**વધુમાં પ્રોસીક્યુશન તરફે અન્ય સાહેદોને તપાસવામા આવેલ નથી.**

**ફોજદારી કાનુન શાસ્ત્રોના સિધ્ધાંત અને ન્યાયતંત્રના સ્થાપીત સિંધ્ધાત**

(૯) ન્યાયતંત્રના સ્થાપીત સિંધ્ધાત મુજબ **"પુરાવાનુ મલ્યાંકન"** શબ્દ પુરાવાનાં કાયદામાં વ્યાખ્યાબ્ધ રીતે કરવામાં આવેલ તેમજ કાનુન સમપિત કોઈ નિયમ પણ નથી.પુરવાની મુલવણી કેવી રીતે કરવી તે દરેક કેસની હકીકત ઉપર આધારીત છે. પુરાવાની મુલવણી **ભારતીય પુરવાનાં કાયદાની કલમ ૩ માં કરવામાં આવેલ " સાબિત " અને " ના સાબિત "** વ્યાખ્યા ઉપર આધારીત છે.ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો છે અને ફરીયાદપક્ષ પોતાની હકીકત **" વાજબી શંકાથી પર "** સાબિત કરવાનો હોય છે.દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભાવના દર્શાવેલી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં હોતી નથી. ફોજદારી કાર્યવાહીમાં **" પુરાવાનો બોજો "** કયારેક આરોપી ઉપર ખસેડી શકાય નહી અને તેથી બચાવપક્ષ પોતાની નિદોષતા સાબીત કરવાની રહેતી નથી.હાલના કામે આરોપી વિરુધ્ધ બી.એન.એસ. ૨૦૦૩ ની કલમ–૨૮૧ તથા એમ.વી.એકટની કલમ–૩, ૧૮૧, ૧૭૭, ૧૮૪ મુજબના ગુનાનુ તહોમત છે. સદર ગુનાના તહોમત સાબિત કરવા ફરીયાદપક્ષની ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૦૧ અને ૧૦૩ મુજબ સચોટ પુરાવો રજુ કરીને આરોપી સામેના ગુનાના તત્વો પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ પર છે. ફરીયાદપક્ષે માત્ર સંભાવતતા જ દર્શાવવાની હોતી નથી પરંતુ આરોપી પરનુ તહોમતના ગુનાના તત્વો વાજબી શંકાથી પર પુરાવાર કરવાના હોય છે.

**પુરાવાના મુલ્યાંકન કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદદાઓ**

**[1]Evaluation:** In the criminal cases, the Court cannot proceed to consider the evidence of the prosecution witnesses in **a mechanical way.** The broad features of the prosecution case, the probabilities and normal course of human conduct of a prudent person are some of the factors which are always kept in mind while evaluating the merit of the case. **[Hardeep Vs. State of Haryana and anr.- AIR 2002 SC 3018]**

**[2] Evidence as a whole:** The evidence cannot be read **in piecemeal** and defence cannot take advantage of reading some one or two portions here and there from evidence of witness. The evidence is required to be read as **a whole** and thereafter, it is required to be weighed and appraised. **[Bhupender Sharma Vs. State of H.P.- 2004(1) GLR 761 (SC)]**

[3] **Eye-witness:** The evidence of eye-witnesses cannot be brushed aside lightly on imaginary or flimsy ground. Ordinarily, an eye-witness is worthy of credence, unless it is established that the witness has reason to fabricate the case against the accused and that the facts from other evidence on record establish that it would not be just and proper to rely upon such witnesses. **[Lilgar Kanjibhai Pargi and Anr.Vs. State of Gujarat–2009(3) GLR 2440]**

**[4] Two views:** When two views are possible on appreciation of evidence, accused is entitled for benefit of doubt.

**મુદ્દા નં.૧ અને ૨ ના સંયુકત તારણો : –**

(૧૦) આ તબકકે આરોપી સામે જે ગુનાનો આક્ષેપ છે તેની જોગવાઈઓ જોવી જરૂરી જણાતી હોય ન્યાયીક સરળતા ખાતર સદર જોગવાઈઓ અત્રે ફરી રજુ રાખેલ છે. સૌપ્રથમ આરોપી સામે **બી.એન.એસ. ૨૦૦૩ ની કલમ–૨૮૧** મુજબના ગુનાનો આક્ષેપ હોય તેની વ્યાખ્યા જોતા,

281. Rash driving or riding on a public way.—Whoever drives any vehicle, or rides, on any public way in a manner so rash or negligent as to endanger human life, or to be likely to cause hurt or injury to any other person, shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine which may extend to one thousand rupees, or with both.

ઉપરોકત વ્યાખ્યા ઉપરથી **બી.એન.એસ. ૨૦૦૩ ની કલમ–૨૮૧** ની સાબીતી માટે નીચે મુજબની હકીકતો ફરીયાદપક્ષે પુરવાર કરાવની રહે છે.

(1) The accused was driving a vehicle or was riding.

(2) He was driving or riding on a public High Way.

(3) He was driving or riding rashly or negligently.

(4) The riding or driving endangered human life or was such as to be likely to cause hurt or injury.

(૧૧) ઉપરોકત બી.એન.એસ. ૨૦૦૩ ની કલમ–૨૮૧ ની વ્યાખ્યા જોતા અને આરોપી સામેના ગુનાની સાબીતી માટેનાવ આવશ્યક તત્વો જોતાં સૌ પ્રથમ તો એ હકીકત ફરીયાદ પક્ષે પુરવાર કરવાની રહે છે કે, આરોપી સદર વાહન **બેદરકારીથી** અથવા **બેફામ** રીતે સરીઆમ જાહેર રસ્તા પર લોકોની જીંદગી જોખમાઈ તેવી રીતે ચલાવતો હતો જો આવી હકીકત ફરીયાદ પક્ષ પરીપુર્ણ કરે તો આરોપીને

==========================================================

બી.એન.એસ. ૨૦૦૩ ની કલમ–૨૮૧ તથા એમ.વી.એકટની કલમ–૩, ૧૮૧, ૧૭૭, ૧૮૪ મુજબના ગુનાના કામે કસુરવાર ઠરાવી શકાય.

**(૧૨)** આમ, સદર ત.ક.અ.ની જુબાની વંચાણે લેવામાં આવે તો ઉપર ચર્ચા કરી તેમ આરોપી સામેનુ ગુનાનું તહોમત જોતાં બી.એન.એસ. ૨૦૦૩ ની કલમ–૨૮૧ તથા એમ.વી.એકટની કલમ–૩, ૧૮૧, ૧૭૭, ૧૮૪ નો ગુનો નોંધવામાં આવેલ છે તે જોતા સદર સાહેદોના પુરાવા ઉપરથી આરોપી ગુનાના કામે સંડોયેલા છે તેવો કોઈ સ્પષ્ટ પુરાવો આવેલો નથી. ત્યારે બનાવ સમયે આ કામના આરોપીનુ પોતાનુ વાહન પુરઝડપે અને બેદરકારી પુર્વક ચલાવેલ હોય તેવું ફલીત થતુ નથી કે માની શકાય તેમ નથી. આ કામે રજુ થયેલ પુરાવો જોતાં બનાવ બાબતે શંકા ઉપસ્થિત થાય છે ત્યારે ક્રિમિનલ જયુરીસપ્રુડન્સના પાયાના સિધ્ધાંતો મુજબ ફરીયાદ પક્ષે પોતાનો કેસ શંકાથી પર સાબીત કરવાનો હોય છે અને આરોપીએ પોતે નિર્દોષ છે તે પુરવાર કરવાનુ નથી. વધુમાં જયાં શંકા જાય તેમ હોય ત્યાં આરોપીને લાભ મળવાપાત્ર છે. આમ, ઉપરોકત કરેલ તમામ ચર્ચા અને જણાવેલ કારણોસર ફરીયાદપક્ષ પોતાનો કેસ નિષ્પક્ષપણે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોઈ મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

==========================================================

**// આખરી હુકમ //**

==========================================================

**(૧)** આ કામના આરોપી હાર્દિકભાઈ પરેશભાઈ ગામીત, રહે.બેડવાણ ખડાકા નિશાળ ફળીયુ, તા.સોનગઢ, જી.તાપીનાઓ સામેના બી.એન.એસ. ૨૦૦૩ ની કલમ–૨૮૧ તથા એમ.વી.એકટની કલમ–૩, ૧૮૧, ૧૭૭, ૧૮૪ મુજબ અન્વયેના ગુન્હાના કામે બી.એન.એસ.એસ.ની કલમ ૨૭૮ (૧) મુજબ પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

==========================================================

==========================================================

(૨) ભવિષ્યમાં આ ચુકાદા વિરુધ્ધ અપીલ દાખલ થાય તો તેવા સંજોગોમાં આ કામના આરોપીના હાલના જામીન છ માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ તારીખ–૨૦ મી, માહે–જુન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૨૦–૦૬–૨૦૨૬

સ્થળ: સોનગઢ.

**(એમ.ડી.પરમાર)**

જજ કોડ નં. જીજે ૦૧૩૦૪

પ્રિન્સીપાલ સીવીલ જજ, સોનગઢ.

==========================================================